# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-08-2025** **Midday : 1.20 to 1.30**
**Day : Monday** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રીએ નવી દિલ્હીમાં સાંસદોના નવા આવાસોનું લોકાર્પણ કર્યું.
2) કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ આજે રાજસ્થાનમાં 30 લાખથી વધુ ખેડૂતને પાક વિમા દાવાઓની રકમનું વિતરણ કરશે
3) ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં આગામી 7 દિવસ ભારે વરસાદની આગાહી.
4) સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્રમાં પેલેસ્ટાઈન રાજ્યને ઔપચારિક માન્યતા આપવાની ઓસ્ટ્રેલિયાની જાહેરાત
5) એથ્લેટિક્સમાં ભારતીય ખેલાડી અન્નૂરાનીએ ઇન્ડિયન ઓપન વિશ્વ એથ્લેટિક્સ કોન્ટિનેન્ટલ ટૂરમાં મહિલાઓની ભાલાફેંક સ્પર્ધાનો ખિતાબ જીત્યો

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી રાષ્ટ્રીય સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ 2 વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

# PM MP FLATS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં બાબા ખડકસિંહ માર્ગ પર સાંસદો માટે નવા બનેલા 184 ટાઈપ-સેંવન બહુમાળી આવાસોનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી મોદીએ કહ્યું, વર્ષ 2014 બાદ અત્યાર સુધી સાંસદો માટે 350 જેટલા નવા આવાસ બનાવાયા છે. તેમણે કહ્યું, વર્ષ 2004થી 2014 પછી સાંસદો માટે એક પણ નવું આવાસ બનાવાયું નહતું.

વિવિધ રાજ્યોના 180થી વધુ સાંસદ આ આવાસમાં એકસાથે રહેશે. આ એક ભારત શ્રેષ્ઠ ભારતના દ્રષ્ટિકોણનો પરિચય આપે છે.

(BYTE: PM MODI - EK BHARAT SHRESHTA BHARAT)

પ્રધાનમંત્રીએ કહ્યું, ચાર ટાવરનું નામ દેશની મહાન નદીઓના નામે અપાયું છે. કરોડો લોકોની જીવનદાતા ચાર નદીઓ કૃષ્ણા, ગોદાવરી, કોસી અને હુગલી છે.

(BYTE: PM MODI – BIHAR)

શ્રી મોદીએ આ આવાસોના નિર્માણમાં સામેલ તમામ ઇજનેરો અને શ્રમિકોની પણ પ્રશંસા કરી.

. . . . . . . . . . . . .

## SHIVRAJ CROP INSURANCE

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ આજે રાજસ્થાનના ઝૂંઝૂનુમાં 30 લાખથી વધુ ખેડૂતને ત્રણ હજાર 200 કરોડ રૂપિયાથી વધુની પાક વિમા દાવાઓની રકમનું વિતરણ કરશે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું, આ દાવાની ચૂકવણી પ્રત્યક્ષ લાભ તબદીલી- D.B.T.ના માધ્યમથી ખેડૂતોના બૅન્ક ખાતામાં ડિજિટલ માધ્યમથી કરાશે.

કાર્યક્રમ દરમિયાન મધ્યપ્રદેશના ખેડૂતોને એક હજાર 156 કરોડ રૂપિયા, રાજસ્થાનના ખેડૂતોને એક હજાર 121 કરોડ રૂપિયા, છત્તીસગઢના ખેડૂતોને 150 કરોડ રૂપિયા અને અન્ય રાજ્યના ખેડૂતોને 773 કરોડ રૂપિયાની રકમ સીધી જ પ્રાપ્ત થશે. કાર્યક્રમમાં ઝુંઝૂનુ, સિકર, જયપુર, કોટપૂતલી—બહરોડ અને અન્ય જિલ્લાઓના ખેડૂતોની સારી ભાગીદારીની આશા છે. જ્યારે વિવિધ રાજ્યના લાખો ખેડૂત વર્ચ્યૂઅલ માધ્યમથી કાર્યક્રમમાં જોડાશે.

. . . . . . . . . . . . .

## PARLIAMENT ADJOURN

વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષના હોબાળા બાદ સંસદના બંને ગૃહની કાર્યવાહી આજે બપોરે 2 વાગ્યા સુધી મુલતવી રખાઈ છે. રાજ્યસભાની કાર્યવાહી આજે સવારે 11 વાગ્યા શરૂ થઈ ત્યારે ઉપસભાપતિ હરિવંશે શૂન્યકાળ ચલાવવા પ્રયાસ કર્યો, પણ વિરોધ પક્ષના સભ્યોએ બિહારમાં મતદાર યાદીના વિશેષ સઘન સમીક્ષા તથા અન્ય મુદ્દા ઉઠાવ્યા. શ્રી હરિવંશે કહ્યું, રાજ્યસભામાં સતત વિક્ષેપના કારણે 62 કલાકથી વધુ સમયનો બગાડ થયો છે.

લોકસભામાં પણ આવા જ દ્રશ્ય જોવા મળ્યા. ગૃહની કાર્યવાહી સવારે 11 વાગ્યે શરૂ થતાં જ વિરોધ પક્ષના સભ્યોએ વિશેષ સઘન સમીક્ષાના મુદ્દા પર ચર્ચાની માગના સમર્થનમાં વિરોધ શરૂ કર્યો. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ ચિંતા વ્યક્ત કરતા કહ્યું, ગૃહની કાર્યવાહી ગત 14 દિવસથી ખોરવાઈ રહી છે.

(BYTE: OM BIRLA, CHAIRMAN, LOKSABHA)

. . . . . . . . . . . . .

# LS - WILDLIFE HABITAT

**પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું છે કે સરકાર દેશભરમાં વન્યજીવન નિવાસસ્થાનોના રક્ષણ, સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે સંકલિત વન્યજીવન આવાસ વિકાસ યોજના લાગુ કરી રહી છે. આજે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં શ્રી યાદવે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ, કેન્દ્ર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વન્યજીવન નિવાસસ્થાનોના સંરક્ષણ અને માનવ-વન્યજીવન સંઘર્ષના સંચાલન માટે**

નાણાકીય સહાય પૂરી પાડે છે. તેમણે કહ્યું કે, 24 પ્રજાતિઓનો નાશ પ્રાય યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને સરકાર તેમના સંરક્ષણ માટે કામ કરી રહી છે. ગૃહને માહિતી આપતા તેમણે વધુમાં જણાવ્યુ હતું કે સરકારે માનવ-વન્યજીવન સંઘર્ષ ઘટાડવા માટે પ્રોજેક્ટ એલિફન્ટના ભાગ રૂપે માનક સંચાલન પ્રક્રિયા, SOP ઘડી છે. રાજ્યોને આ SOP લાગુ કરવા તેમણે અપીલ કરી હતી.

. . . . . . . . . . . . .

## OPPOSITION - PROTEST

બિહારમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારા - SIR સામે વિરોધ પક્ષોના સાંસદોએ આજે સંસદ ભવન સંકુલથી ચૂંટણી પંચના કાર્યાલય સુધી વિરોધ કૂચ કરી હતી. સભ્યોએ 2024ની લોકસભા ચૂંટણી દરમિયાન મતદાર યાદીમાં કથિત છેડછાડનો મુદ્દો ઉઠાવ્યો હતો અને બિહારમાં SIRને પાછું ખેંચવાની પણ માંગ કરી હતી. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને પક્ષ નેતા રાહુલ ગાંધી, NCP (SCP) ના વડા શરદ પવાર, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સહિત અન્ય પક્ષોના સભ્યોએ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

## MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ

ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# KARGIL TIRANGA MARCH

**લદ્દાખમાં, રાષ્ટ્રવ્યાપી હર ઘર તિરંગા અભિયાનના ભાગ રૂપે, ઝાંગલા પ્રવાસન કેમ્પિંગ સ્થળ પર તિરંગા માર્ચનું આયોજન કરાયું હતું. સ્થાનિક પ્રવાસીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો.**

. . . . . . . . . . . . .

# IMD WEATHER

આગામી સાત દિવસ દરમિયાન ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગે આજે પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં અલગ અલગ સ્થળોએ મુશળધાર વરસાદની આગાહી કરી છે. તે જ સમયે, આજે દિલ્હી, ચંદીગઢ, હરિયાણા, પંજાબ, બિહાર, મધ્યપ્રદેશ, તેલંગાણા અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે એમ પણ કહ્યું કે બિહાર, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને ઝારખંડમાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતા છે.

. . . . . . . . . . . . .

# AUSTRALIAN PRIME MINISTER

ઑસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી ઍન્થની અલ્બનીઝે જાહેરાત કરી કે, સપ્ટેમ્બર મહિનામાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 80-મા સત્રમાં પેલેસ્ટાઈન રાજ્યને ઔપચારિક માન્યતા આપશે. આ ઑસ્ટ્રેલિયાની વિદેશ નીતિમાં મહત્વનું પરિવર્તન દર્શાવે છે. આ નિર્ણય ફ્રાન્સ, બ્રિટન અને કૅનેડા જેવા દેશ સાથે ઑસ્ટ્રેલિયાના વિચારને સુસંગત છે. આ પેલેસ્ટાઈન રાજ્યને માન્યતા આપવાના તેમના હેતુઓનો સંકેત પણ છે. તેનો ઉદ્દેશ પશ્ચિમ એશિયામાં બે રાજ્યના ઉકેલની દિશામાં આંતર-રાષ્ટ્રીય ગતિને વેગ આપવાનો છે.

શ્રી અલ્બનીઝની લેબર સરકારની અંદર કેટલાક સપ્તાહથી આંતરિક દબાણ અને ગાઝામાં માનવતાવાદી કટોકટી પર લોકોની વધતી ચિંતા બાદ આ જાહેરાત કરવામાં આવી છે. શ્રી અલ્બનીઝે કહ્યું, આ નિર્ણય પેલેસ્ટાઈન સત્તામંડળની પ્રતિબદ્ધતાઓ અને ચૂંટણી યોજવાની પહેલ પર આધારિત છે. તેમાં ભવિષ્યની પેલેસ્ટાઈન સરકારમાં હમાસની કોઈ ભૂમિકા નહીં હોય.

. . . . . . . . . . . . .

# WORLD ATHLETICS CONTINENTAL TOUR

ઍથ્લેટિક્સમાં ઑલિમ્પિક વિજેતા અન્નૂ રાનીએ ગઈકાલે ઇન્ડિયન ઑપન 2025 વિશ્વ ઍથ્લેટિક્સ કાંસ્યસ્તરની કૉન્ટિનેન્ટલ ટૂરમાં

મહિલાઓની ભાલા ફેંક સ્પર્ધાનો ખિતાબ જીત્યો છે. આ સ્પર્ધા ઓડિશામાં ભૂવનેશ્વરના કલિંગા સ્ટૅડિયમમાં રમાઈ.

અન્નુએ 62.01 મીટરનો ઉત્તમ થ્રૉ કર્યો. જ્યારે શ્રીલંકાના એનડીએલ હટરાબાગ લેકાએ 56.27 મીટર અને ભારતનાં દિપીકાએ 54.20 મીટર ભાલો ફેંક્યો. આ અન્નૂની મજબૂત વાપસી છે. આ પહેલા તેમણે પૉલૅન્ડમાં અંદાજે બે વર્ષમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા 62.59 મીટર ભાલો ફેંક્યો હતો.

પુરુષોની ભાલાફેંક સ્પર્ધામાં શ્રીલંકાના રૂમેશ પથિરગેએ 86.50 મીટરના ઉત્તમ થ્રૉ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો. જ્યારે ભારતના શિવમ્ લોહાકરે 80.73 મીટર ભાલો ફેંકીને રજત અને શ્રીલંકાના જ સુમેદા જે. રણસિંઘેએ 80.65 મીટરના થ્રૉ સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો.

પુરુષોની લાંબી કૂદમાં ભારતના મુરલિ શ્રીશંકરે પોતાના અંતિમ પ્રયાસમાં 8.13 મીટરના ઉત્તમ પ્રદર્શન સાથે ખિતાબ જીત્યો. શાહનવાઝ ખાન 8.04 મીટર સાથે બીજા સ્થાને રહ્યા અને ભારતના આઠ મીટર ક્લબમાં સામેલ થયા. લોકેશ સત્યનાથન 7.85 મીટર સાથે ત્રીજા ક્રમાંકે રહ્યા.

. . . . . . . . . . . . .